GSTIN: 24AAALM0547L1DB
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

જા.નં.- ૧૦૮૮ તા.- ૬/૫/૨૦૨૧

પ્રતિ,

મુખ્ય શિક્ષકશ્રી,

તમામ શાળા,

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,

સુરત.

**વિષય:-** COVID-19 અંતર્ગત થયેલ વિશિષ્ટ કામગીરીનું સંકલન કરવા બાબત.

**સંદર્ભ :-** મહે.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુ.રા.,ગાંધીનગરના પત્ર ક્રમાંક:
પ્રાશિનિ/સંકલન/COVID-19/૨૦૨૧/૩૦૮૨-૩૧૩૪, તા.03/0૫/૨૦૨૧.

જત ઉપરોક્ત વિષય સને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૨૪/૦૪/૨૦૨૧ના રોજ પરમ સન્માનીય રાજયપાલશ્રી અને માન.શિક્ષણમંત્રીશ્રી દ્વારા થયેલ ટેલિકોન્ફરન્સમાં રાજ્યના તમામ શિક્ષકશ્રીઓને મહાનુભાવો દ્વારા માર્ગદર્શન મળેલ છે. જેના આધારે રાજયના પ્રાથમિક શિક્ષકશ્રીઓ દ્વારા પોતાની મેળે COVID-19ની મહામારીનું સંક્રમણ રોકવા તથા વિવિધ પ્રકલ્પો દ્વારા સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આવા શિક્ષકશ્રીઓને પ્રોત્સાહન મળે અને તેઓએ કરેલ કામગીરીની યોગ્ય રીતે નોંધ લેવાય તે હેતુથી તેઓએ કરેલ કામગીરીનું યોગ્ય ડોક્યુમેન્ટેશન થાય તે જરૂરી છે. આ માટે નીચે દર્શાવેલ મુદ્દાઓ ધ્યાને રાખી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની પ્રાથમિક શાળાના શિક્ષકમિત્રો દ્વારા સરકાર દ્વારા સોંપાયેલ હોય તે સિવાયની કોઈ વિશિષ્ટ કામગીરી થઈ હોય તો તેની વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે. આ માટે સમગ્ર રાજયને ચાર ઝોનમાં વહેંચવામાં આવેલ છે જેમાં દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાની વિગતો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરતની પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષકશ્રીએ પોતાની શાળાના શિક્ષકની કામગીરીની વિગતો શક્ય હોય તો ફોટોગ્રાફ સાથે ચકાસણી કરી ડોક્યુમેન્ટેશન સમાવવા જેવી બાબતો સંકલિત કરી રાજ્ય કક્ષાએ અત્રેની કચેરીના E-mail ID **msbsuratsb@gmail.com** પર તા.0૪/0૬/૨૧ અને તા.0૫/0૬/૨૧ના રોજ મોકલવા નોંધ લેશો.

* **ડોક્યુમેન્ટેશન કરવામાં ધ્યાને લેવાના મુદ્દા :-**

1) વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ – સંખ્યા.
2)વાલીમિત્રોનું કાઉન્સેલીંગ – સંખ્યા.
3)SMC, મુખ્ય શિક્ષક વિગેરે સાથેની બેઠકો.
4) રાશન કીટ, માસ્ક વિતરણ, રક્તદાન કર્યું હોય તેની વિગતો.
5)ઓક્સિજનની વ્યવસ્થા, દર્દીની વિશિષ્ટ સંભાળ કરેલ જેવી બાબતો.
6) કરેલ કામગીરીને કારણે સમાજને થયેલ ફાયદાની સક્સેસ સ્ટોરી.
7) COVID-19 સંક્રમણ અટકાવવા કરેલ પ્રચાર – પ્રસારની કામગીરી.
8)ઉપર જણાવ્યા સિવાય કરેલ વિશિષ્ટ કામગીરી.

બિડાણ :- સંદર્ભ પત્ર.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

સવિનય નકલ રવાના :-

(૧)ઇ.ચા.ઉપશાસનાધિકારી તથા તમામ નિરીક્ષકશ્રીઓ,ન.પ્રા.શિ.સ.,સુરત જાણ માટે.
(૨) તમામ યુ.આર.સી. તથા સી.આર.સી. ન.પ્રા.શિ.સ.,સુરત જાણ માટે.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/Covid-19/૨૦૨૧/ 3082-3134
પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોકઃ- ૧૨/૧
ગુ. રા. ગાંધીનગર, તાઃ- 03/૦૫/૨૦૨૧

પ્રતિ

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ

શાસનાધિકારીશ્રી- તમામ

વિષયઃ- Covid-19 અંતર્ગત થયેલ વિશિષ્ટ કામગીરીનું સંકલન કરવા બાબત

સંદર્ભઃ- તાઃ- ૨૪.૦૪.૨૦૨૧ ના રોજ પરમ સન્માનીય રાજયપાલશ્રી અને માન. શિક્ષણમંત્રીશ્રી દ્વારા થયેલ ટેલિકોન્ફરન્સ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સંદર્ભદર્શિત ટેલિકોન્ફરન્સમાં રાજયના તમામ શિક્ષકશ્રીઓને મહાનુભાવો દ્વારા માર્ગદર્શન મળેલ છે. જેના આધારે રાજયના પ્રાથમિક શિક્ષકશ્રીઓ દ્વારા પોતાની મેળે Covid-19 ની મહામારીનું સંક્રમણ રોકવા તથા વિવિધ પ્રકલ્પો દ્વારા સેવાકીય કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આવા શિક્ષકશ્રીઓને પ્રોત્સાહન મળે અને તેઓએ કરેલ કામગીરીની યોગ્ય રીતે નોંધ લેવાય તે હેતુથી તેઓએ કરેલ કામગીરીનું યોગ્ય ડોક્યુમેન્ટેશન થાય તે જરૂરી છે. આ માટે નીચે દર્શાવેલ મુદ્દાઓ ધ્યાને રાખી આપના જીલ્લામાં શિક્ષકમિત્રો દ્વારા સરકાર દ્વારા સોંપાયેલ હોય તે સિવાયની કોઇ વિશિષ્ટ કામગીરી થઇ હોય તો તેની વિગતો મોકલી આપવા જણાવવામાં આવે છે. આ માટે સમગ્ર રાજયને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત , સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત એમ ૪(ચાર) ઝોનમાં વહેચવામાં આવેલ છે અને જે તે ઝોનના જિલ્લાઓએ પોતાના જીલ્લાની વિગતો તે ઝોનના સંકલનકર્તાને WhatsApp દ્વારા કે E-mail દ્વારા મોકલી આપવાની રહેશે. જે તે ઝોનના કન્વીનર તેની ચકાસણી કરી ડોક્યમેન્ટેશનમાં સમાવવા જેવી બાબતો સંકલિત કરી રાજય કક્ષાએ મોકલી આપશે.

ડોક્યુમેન્ટેશન કરવામાં ધ્યાને લેવાના મુદ્દાઃ-

1. વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ – સંખ્યા
2. વાલીમિત્રોનું કાઉન્સેલીંગ- સંખ્યા
3. SMC, મુખ્ય શિક્ષક વિગેરે સાથેની બેઠકો
4. રાશન કીટ, માસ્ક વિતરણ, રક્તદાન કર્યુ હોય તેની વિગતો
5. ઓક્સિજનની વ્યવસ્થા, દર્દીની વિશિષ્ટ સંભાળ કરેલ જેવી બાબતો
6. કરેલ કામગીરીને કારણે સમાજને થયેલ ફાયદાની સક્સેસ સ્ટોરી
7. Covid-19 સંક્રમણ અટકાવવા કરેલ પ્રચાર-પ્રસારની કામગીરી
8. ઉપર જણાવ્યા સિવાય કરેલ વિશિષ્ટ કામગીરી

ઉપર જણાવેલ હેતુઓ માટે શિક્ષકમિત્રો, મુખ્ય શિક્ષક, સી.આર.સી., બી.આર.સી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રી દ્વારા થયેલ કામગીરીની વિગતો શક્ય હોય તો ફોટોગ્રાફ સાથે સંકલનકર્તાને તાઃ- ૧૦/૦૬/૨૦૨૧ સુધીમાં મોકલવા વિનંતી છે.

માહિતી મોકલવાની વિગતોઃ--

| ઝોન | સમાવિષ્ટ જિલ્લા | સંકલનકર્તાનું નામ | સંકલનકર્તાનો Whatsapp નંબર | સંકલનકર્તાની Email-Id |
|---|---|---|---|---|
| ઉત્તર | અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, ગાંધીનગર, કચ્છ, બનાસકાંઠા | શ્રી પંકજભાઇ વી. ચૌહાણ, બી.આર.સી., ભિલોડા | ૮૦૦૦૦ ૦૪૮૮૬ | brc.sbk.bhiloda@gmail.com |
| મધ્ય | અમદાવાદ, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, સુરેન્દ્રનગર, છોટા ઉદેપુર | શ્રી ઇશ્વરભાઇ પ્રજાપતિ, બી.આર.સી., આંકલાવ | ૯૪૨૬૪ ૪૧૬૩૮ | brc.and.anklav@gmail.com |
| સૌરાષ્ટ્ર. | રાજકોટ, મોરબી, જામનગર, પોરબંદર, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા,ભાવનગર, અમરેલી, બોટાદ, જૂનાગઢ | શ્રી પરેશભાઇ પુરુષનાણી, બી.આર.સી.,પોરબંદર | ૯૬૨૪૬ ૨૬૪૬૩ | brc.pbr.porbandar@gmail.com |
| દક્ષિણ | ભરૂચ, સુરત, વલસાડ, નર્મદા, તાપી, નવસારી, ડાંગ | સુ.શ્રી જયાબેન કનભિયા, સી.આર.સી., નવા કાસિયા, તાઃ- અંકલેશ્વર | ૮૪૬૦૩ ૪૪૭૦૨ | jkanbhia@gmail.com |

નોંધઃ- આપનો જીલ્લો જે ઝોનમાં સમાવિષ્ટ હોય તે ઝોનને જ માહિતી મોકલવી. અન્ય ઝોનમાં માહિતી મોકલવી નહી.

(સહી)

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર